રોજગાર અને તાલીમ

**વિભાગ-૧, નવી બાબત વર્ષ ૨૦૧૪-૨૦૧૫**

**રાજ્યમાં કાર્યરત ઔદ્યોગિક તાલિમ સંસ્થા ખાતે ટુંકાગાળાના વ્યવસાયી તાલીમ કોર્સમાં તાલીમ લેતાં તાલીમાર્થીઓને એસ.ટી. બસ ભાડામાં રાહત દરનો પાસ આપવા બાબતે**

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૧૪/૨૩૩૦૨૮/ર(૨)
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૨/૦૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) આયુક્તશ્રી,રોજગાર અને તાલીમના તા.૧૫/૦૪/૨૦૧૪ના પત્ર ક્રમાંક: એસટીસી/ST Pass /૨૦૧૪/91/501536

(2) આયુક્તશ્રી,રોજગાર અને તાલીમના તા.૧૫/૦૪/૨૦૧૪ના પત્ર ક્રમાંક : એસટીસી/ST Pass/ / ૨૦૧૪ / 14897

**ઠરાવ :-**

રાજ્યમાં ૨૬૩ સરકારી ઔદ્યોગિક તાલિમ સંસ્થા ઓમાં ૧૧૧૯૭૨૬ બેઠકો, પર તાલીમ સુવિધા ઉપલબ્ધ છે. રાજ્યના સર્વાંગી વિકાસ, માટે વિવિધ કૌશલ્ય ધરાવતી માનવશક્તિની રાજ્યને જરૂરિયાત છે. આ કૌશલ્ય વર્ધન, આર્થિક વર્ધનમાં પરિણમે તે માટે કૌશલ્ય વિકાસની તાલીમ દ્વારા રાજ્યના માટે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં જરૂરી એવી ફોર્મલ કે ઇનફોર્મલ પ્રકારની તાલીમ આપી રોજગારી સર્જન કરવાના આશયથી રાજ્યના ૧-લાખ યુવક/યુવતીઓને તાલીમબધ્ધ કરવા માટે આઇ.ટી.આઇ. માં MES (Modular Employable Skill )ના ટુંકાગાળાના અભ્યાસક્રમો વિકસાવવામાં આવેલ છે. આ યોજનાનો રાજ્યના જરૂરિયાત-મંદ યુવાનો મહત્તમ લાભ લઇ રહ્યા છે. આ તાલીમાર્થી સામાન્યતયા ગરીબ અને પછાતવર્ગમાંથી આવે છે. અંતરિયાળ વિસ્તારના યુવાનો તાલીમમાં જવા માટે રાજ્ય પરિવહન નિગમની બસમાં મુસાફરી કરે છે. આ તાલીમાર્થીઓ માટે બસ-ભાડું, આર્થિક–બોજ બને છે.

આ યોજના કૌશલ્ય ધરાવતાં યુવાનોના કલ્યાણ માટે છે. તેમના પર આર્થિક બોજ ના પડે તે માટે જેમ OTHER STREAMના બધા વિદ્યાર્થીને બસમાં રાહત દરનો પાસ કાઢી આપવામાં આવે છે, તે રીતે રાજ્યની સરકારી આઇ.ટી.આઇ. ના MES Courseના ટુંકાગાળાના તથા લાંબાગાળાના કોર્સ કરતાં તાલીમાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવો જોઇએ. MES અને VTPના ટુંકાગાળાના Courseના તાલીમાર્થી માટે એસ.ટી. બસ પાસ આપવા માટેના

નાણાંની રકમ આયુક્તશ્રી દ્વારા નિગમને નાણાં મજરે આપવા/હવાલે મુકવા બાબતની રોજગાર અને તાલિમ આયુક્તશ્રી દ્વારા સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટેની વિભાગ-૧ની નવી બાબતની ₹૨૬૦/- **લાખની** દરખાસ્ત રજૂ કરેલ છે.

પ્રસ્તુત યોજના ને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ શ્રમ અને રોજગાર વિભાગના બજેટ સદર હેઠળ ઊધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ |
| પેટા સદર. | : | (૧)ઈ.એમ.પી.૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) ₹. ૨૦૩ /-લાખ |

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૯૬ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર. | : | ઈ.એમ.પી.૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના(પ્લાન) ₹.૩૯/- લાખ |

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૯૫ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ |
| પેટા સદર. | : | (૧)ઈ.એમ.પી.૧, ખાસ અંગભુત યોજના, અનુસુચિત જાતિ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) ₹. ૧૮/- લાખ |

<u>શરતો :-</u>

૧. સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષનાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇઓને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨. આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

૩. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો હયાત સાધન સામગ્રીની સમીક્ષા કરી જરૂર હોય તેટલી જ ખરીદી રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નીતિ-નિયમોનુસાર કરવાનો રહેશે.

૪. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. ખર્ચ થઇ શકે તેમ ન હોય તો બચત સુપ્રત કરવા અંગેની તમામ તકેદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમે રાખવાની રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.બી. પટેલ)
ઉપ સચિવ (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૨. મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ.
૩. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
૫. નાણાં વિભાગ, ક- શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. બજેટ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. બજેટ શાખા , સામાજીક ન્યાય અને અધિકારીત વિભાગ
૯. બજેટ શાખા, / ૨.૧ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સિલેક્ટ ફાઇલ / ૨ (૨) શાખા.
૧૧.. નાયબ સેક્શન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઇલ.